સુવિચાર
કાર્યશકિત પરનું પ્રભુત્વ અને વિપદાને વરદાનમાં પલટાવવાની આદત જ માણસને રંકમાંથી રાજરાજેશ્વર બનાવી શકે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૪/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ-૮ વર્ષ : ૧૫ અંક : ૧૦૫

## યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટની જહેમત રંગ લાવી

# આનંદો : ચલાલા ખાતે ગાયત્રી સંસ્કૃત શકિત ગુરૂકુળની મંજૂરી મળી

- સંસ્કૃત ગુરૂકુળમાં ધો. ૬માં દિકરા-દિકરીને સંસ્કૃત માધ્યમમાં નિઃશુલ્ક પ્રવેશ મળશે
- જિલ્લાનાં બાળકોને સંસ્કૃત વિદ્યાપીઠમાં અભ્યાસ મેળવવા અન્ય સ્થળોએ જવું નહી પડે
- જુન મહિનાથી સત્ર શરૂ થતું હોય ૩૦ એપ્રિલ સુધીમાં પ્રવેશ મેળવી લેવા અનુરોધ
- પૂ. રતિદાદા અને મહેશ મહેતાનાં માર્ગદર્શનતળે ચલાલા જેવા નાના શહેરમાં ધાર્મિક અને શિક્ષણ ક્ષેત્રે ઐતિહાસિક કાર્ય



અમરેલી, તા. ૧૫

મન હોય તો માળવે જવાઈ અને રણમાં પણ ગુલાબ ઉગાડી શકાય, ઈચ્છા શકિત પ્રબળ અને દ્રઢ હોય તો પથ્થરમાંથી પણ પાણી કાઢી શકાય આ કહેવત ચલાલાની પાવનભૂમિમાં સાર્થક થતી જોવા મળી રહી છે. મધ્યમ કક્ષાનાં શહેરમાં એક વિદ્વાન ધર્મ અને શિક્ષણપ્રેમી પૂ. રતિદાદાએ યુગનિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટનાં નેજા હેઠળ શિક્ષણ, સામાજિક સેવાનાં ક્ષેત્રે અનેરી સિધ્ધિ હાંસ કરી છે અને તેમાં સોનામાં સુંગધ ઉભી કરતી એક ઘટના બની છે.

ચલાલા ખાતે સંસ્કૃત શકિત ગુરૂકુળની મંજૂરી રાજયનાં શિક્ષણ વિભાગે આપતાં સમગ્ર જિલ્લાનાં સંસ્કૃત પ્રેમીઓમાં ખૂશીનો માહોલ છવાયો છે અને જિલ્લાનાં સંસ્કૃતનો અભ્યાસ કરવા માંગતા બાળકોને હવે અન્ય જિલ્લાની સંસ્કૃતશાળામાં જવાની મુશ્કેલી દૂર થશે.

આ તકે યુગનિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ધ્વારા જણાવવામાં આવેલ છે કે, સંસ્કતી શકિત ગુરૂકુળમાં ધો. ૬ માં દિકરા-દિકરીઓને નિઃશુલ્ક રહેવાની, જમવાની અને શિક્ષણની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. વધુમાં જણાવેલ છે કે, નવું સત્ર આગામી જુન માસમાં શરૂ થઈ જશે અને પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને ૩૦ એપ્રિલ સુધીમાં સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરવા અને મો.નં. ૯૪૨૭૭ ૪૩૮૧૭ પર સંપર્ક કરવા જણાવાયું છે. અમરેલી જિલ્લાનાં બાળકો સંસ્કૃત શકિત ગુરૂકુળમાં દેવ સંસ્કૃતી વિશ્વ વિદ્યાલય શાંતીકુંજ હરિદ્વારનાં અનુભવી અને સંક્રૃતનાં વિધ્વાનો ધ્વારા અભ્યાસ મેળવીને પ્રોફેસર પણ બની શકશે. આમ ચલાલાની ધરતી પર સંસ્કૃત વિદ્યાલયનો પ્રારંભ થયો હોય પૂ. રતિદાદાને રાજયભરનાં શિક્ષણ અને સંસ્કૃત પ્રેમીઓ શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

## ગાયત્રી સંસ્કૃત શકિત-ગુરૂકુળ-ચલાલા

સંસ્કૃત શકિત ગુરૂકુળમાં ધો. ૬ માં દીકરા-દીકરીઓ સંસ્કૃત માધ્યમાં વિનામૂલ્યે પ્રવેશ મેળવી શકશે., અમરેલી જિલ્લાના વિદ્યાર્થીઓને સંસ્કૃત વિદ્યાપીઠમાં ભણવા બહાર નહિ જવું પડે., સંસ્થા ધ્વારા રહેવા-જમવા, અભ્યાસ વગેરેની તમામ વ્યવસ્થાઓ વિનામૂલ્યે કરવામાં આવશે., નવું સત્ર જૂન ૨૦૨૪થી શરૂ થતું હોય તો તા. ૩૦/૪/૨૦૨૪ સુધીમાં સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ એડમીશન મેળવી લેવા. મો. ૯૪૨૭૭ ૪૩૮૧૭, ૯૪૨૯૮ ૩૮૦૧૭, હવે અમરેલી જિલ્લાના બાળકો પણ ધો. ૬થી ધો. ૧૨ સુધી સંસ્કૃત માધ્યમમાં વિનામૂલ્યે અભ્યાસ કરી શકશે., વિદ્યાર્થીઓ માટે રહેવા-જમવાની ઉત્તમ વ્યવસ્થાઓ વિનામૂલ્યે પ્રાપ્ત થશે., સંસ્કૃત માધ્યમમાં ભણી વિદ્યાર્થીઓ મોટા વિધ્વાન તથા સંસ્કૃતના મોટા પ્રોફેસર બની શકશે., સંસ્કૃત શકિત ગુરૂકુળમાં દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય શાંતિકુંજ હરિદ્વારના અનુભવી અને સંસ્કૃતના વિધ્વાનો ધ્વારા અભ્યાસ કરાવવામાં આવશે., દીકરા-દીકરીઓ માટે રહેવા વ્યવસ્થા પણ અલગ અલગ કરવામાં આવી છે., એડમીશન માટે ગાયત્રી સંસ્કાર ધામ, ધારી રોડ ચલાલાનો આજે જ સંપર્ક કરો.



## જિલ્લાનાં દરેક શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં જયભીમનો નાદ ગુંજી ઉઠયો

# અમરેલી જિલ્લામાં ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીની ઉજવણી કરાઈ

શોભાયાત્રા, પુષ્પાંજલિ, ભીમ ભજન સહિતનાં અનેકવિધ કાર્યક્રમોનું થયું આયોજન

અમરેલીનાં મોટા બસ સ્ટેન્ડ ચોક ખાતે આવેલ ડો. બાબાસાહેબની પ્રતિમાને જયભીમનાં નાદ સાથે પુષ્પાંજલિ અર્પણ કરાઈ

લોકસભા બેઠકનાં કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમરે ડો. બાબાસાહેબનાં કાર્યોને યાદ કરીને પુષ્પાંજલિ અર્પણ કરી

અમરેલી, સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, ધારી, બગસરા, વડિયા, લીલીયા, બાબરા, લાઠી સહિત સમગ્ર જિલ્લામાં જબરો ઉત્સાહ જોવા મળ્યો



અમરેલી, તા. ૧૫

અમરેલી ખાતે રવિવારે ભારતનાં બંધારણનાં ઘડવૈયા, ભારત રત્ન અને દલિતોનાં મસીહા ડો. બાબાસાહેબની જન્મજયંતીની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાનાં તમામ શહેરો, તાલુકા મથકો અને ગ્રામ્ય વિસ્તારમાં જય ભીમનો નાદ ગુંજી ઉઠયો હતો. તો અમરેલી ખાતે મોટા બસ સ્ટેન્ડ ચોકમાં આવેલ ડો. બાબાસાહેબની પ્રતિમાને લોકસભાનાં કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમરે પુષ્ણાંજલિ અર્પણ કરી હતી તો પૂર્વ સાંસદ વિરજી ઠુંમર, પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી, પ્રતાપ દુધાત, ટીકુભાઈ વરૂ સહિતનાં આગેવાનોએ પણ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

### અમરેલી

અમરેલી ખાતે ડો. બાબાસાહેબ આંબેડકર સમિતિ દ્વારા સર્વોદય સોસાયટી ચિતલ રોડ ડો. બાબાસાહેબ આંબેડકર કોમ્યુનિટી હોલ આંગણે અનેરો ઉત્સાહ. ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૩ મી જન્મજયંતી અમરેલી શહેરના ઉત્સાહી ભીમ પ્રેમી યુવાનો દ્વારા આપણા દેશના બંધારણના પિતા આપણને તથા સમગ્ર માતા, બહેન, દીકરીઓને તમામ પ્રકારના હકક અધિકારો તથા સ્વતંત્રતા અપાવનાર વિશ્વ રત્ન, વિશ્વવિભૂતિ ભારતરત્ન મહા માનવ બોધિષ્ઠ એવા ડો. બાબાસાહેબ આંબેડડકરને ૧૩૩ મી જન્મજયંતી મહોત્સવ ૨૦૨૪ની ઉજવણી ધામધૂમપૂર્વક કરવામાં આવી જેમાં બહોળી સંખ્યામાં લોકો હાજર રહ્યા. ૧૩/૪/૨૦૨૪ શનિવારે સાંજે પાંચ કલાકે વકૃત્વ સ્પર્ધા રાખવમાં આવી હતી જેમાં બાળોકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. રાત્રિના ૧૨:૦૦ કલાકે કેક કાપી ડો. બાબાસાહેબનો જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો અને તા. ૧૪/૪/૨૦૨૪ સવારે ૯:૩૦ કલાકે રેલી શહેરના મુખ્ય માર્ગ પરથી બસ સ્ટેન્ડ ચોકમાં ડો. બાબાસાહેબની પ્રતિમાઓને ફૂલહાર કરવામાં આવ્યા હતા. સરદાર વલ્લભભાઈ પટેલ, ગાયકવાડ, હરિરામ બાપા, ભોજલરામ બાપા, મુળદાસ બાપુ, ડો. જીવરાજ મહેતાની પ્રતિમાને ફૂલહાર કરવામાં આવ્યા હતા. જેમાં રેલી સ્વરૂપે બહોળી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. રાત્રિના ૯ કલાકે સમાજવાડી સામે ભીમ ભજન રાખવામાં આવ્યા જેમાં લોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. ડો. બાબાસાહેબ આંબેડકટર જન્મ જયંતી ઉજવણીમાં સર્વોદય, સિધ્ધાર્થ, વેસ્ટર્ન પાર્ક, જયભીમ સોસાયટી, દ્વારકેશનગર, ત્રિપદા સોસાયટી, શ્રી રંગ સોસાયટીના રહીશોએ તન, મન, ધનથી સાથ સહકાર આપેલ તેમજ આ શોભાયાત્રા દરમ્યાન રાજમહેલ કંપાઉન્ડ ખાતે સમગ્ર શોભાયાત્રાને સ્વ. ચિરાગ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલીના મેનેજીગ ટ્રસ્ટી લક્ષ્મણભાઈ બગડા તથા મોહનભાઈ બગડાના પરિવાર દ્વારા તમામ શોભાયાત્રાને ઠંડા સરબત–પાણીની વ્યવસ્થા કરી સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવેલ હતી. ડો. બાબાસાહેબ આંબેડકટર સમિતિ લક્ષ્મણભાઈ બગડા, કે.કે. વાળા, હિતેશભાઈ સોલંકી, જે.પી. પડાયા, રામજીભાઈ ચાવડા, બાબુભાઈ ચાવડા, મુકેશભાઈ ગોહિલ, નવચેતન પરમાર, જીગ્નેશભાઈ દાફડા, જીતુભાઈ બથવાર, પરેશભાઈ દાફડા, કેશુભાઈ ગોહિલ, વિરજીભાઈ ખેતરીયા, યુવા ટીમ દેવરાજ બાબરીયા, રસિક પરમાર, વિકી ચાવડા, નિલેશ લેઉવા, જયરાજ મયાત્રા વિગેરેએ જહેમત ઉઠાવી હતી. તેવી હિતભાઈ સોલંકી, એડવોકેટ – અમરેલીની અખબારી યાદીમાં જણાવેલ છે.

### મોટા દેવળીયા

બંધારણના ઘડવૈયા, સિમ્બોલ ઓફ નોલેજ, વિશ્વરત્ન, ગરીબો, શોષિતો, પછાતો દલિતો અને મહિલાઓના મસીહા ડો. બી.આર. આંબેડકર સાહેબની જન્મજયંતી ભીમ જયંતિ અને રાષ્ટ્રીય સમાનતા દિવસની શાળામાં વિદ્યાર્થીઓ, ગ્રામજનો અને શિક્ષકગણની હાજરીમાં ઉત્સાભેર ઉજવાયોઉ સૌપ્રથમ દીપ પ્રાગટય અને કુલમાળા દ્વારા બાબા સાહેબની પ્રતિમાને વંદના કરવામાં આવી, મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત શાળ ાના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું. ત્યાર બાદ ધોરણ ૧૧ ની બહેનો દ્વારા બંધારણવાળો મારી કાળજાની કોર ભીમ ગીત રજૂ કરાયું હતું. શાળાના પ્રિન્સીપાલ દ્વારા પ્રાસંગિક પ્રવચન અને શુભેચ્છા આપવામાં આવ્યું સામાજિક આગેવાનો દ્વારા બાબા સાહેબના જીવન ચરિત્રનું વર્ણન કરાયું અને શાળાના વિદ્યાર્થીઓએ બાબા સાહેબના જીવન ચરિત્ર વિશે વકતવ્ય સ્પર્ધામાં બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. ગામના સામાજિક આગેવાનોમાં ભુપતભાઈ ખુમાણ, પ્રવીણભાઈ બી. વાળા, ગોંવિદભાઈ બગડા, પ્રણિભાઈ આર. વાળા, વિજયભાઈ પરમાર, વિજયભાઈ વાળા, રાહુલ વાળા વગેરે મહેમાનોએ ખાસ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક એમ.એમ. ચાવડા દ્વારા કરવામાં આવ્યું. પગાર કેન્દ્ર શાળા પટાંગણમાં બાબા સાહેબના તૈલી ચિત્રને પણ ફુલહાર કરવામાં આવ્યા હતા. જેમાં પ્રાથમિક કેન્દ્ર શાળાના પ્રિન્સીપાલ મસ્જિદભાઈ કુરેશી પણ હાજર રહ્યા અને જય ભીમ જય સંવિધાનના નારા સમગ્ર શાળાના વાતાવરણમાં ગુંજીયા હતા. કાર્યક્રમની આભારવિધિ વિરડીયા દ્વારા કરવામાં આવી. આમ બાબાસાહેબની ૧૩૩મી જન્મજયંતિની શૈક્ષણીક ઉજવણી કરવામાં આવી.

### ચલાલા

ભારત દેશનાં બંધારણનાં ઘડવૈયા ડો. આંબેડકર જયંતીની ચલાલ સમસ્ત દલિત સમાજ ધ્વારા ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સવારમાં શોભાયાત્રા, આંબેડકર ચોકમાં પ્રતિમાને ફૂલહાર કરી ગગનભેદી નારાઓનો જયઘોષ થયો હતો. બપોરે સમસ્ત પ્રસાદ ભોજનનું આયોજન થયું હતું. ચલાલા–અમરેલી રોડ ઉપર રાધેશ્યામ વલ્કેનાઈજીંગ નામની નાની એવી પંચરની દુકાન ધરાવતા અને આખો દિવસ વાહનોને પંચર કરી પોતાનું ગુજરાન ચલાવતા એવા નાના માણસ પણ મનના મોટા એવા કાનજીભાઈ મનજીભાઈ રાઠોડે પોતાની જ્ઞાતિ માટે અખૂટપ્રેમ ધરાવતા ઉત્સાહી સાહસીક એવા કાનજીભાઈ રાઠોડે ચલાલામાં સમસ્ત દલિત સમાજની વાડી બની રહી છે તેના વિકાસ માટે રૂા. ૫૦ હજારની રકમનું અનુદાન આપતા સમસ્ત દલિત સમાજમાં આનંદની લાગણી ફરી વળી હતી.

### વડિયા

બંધારણનાં ઘડવૈયા એવા ડો. ભીમરાવ આંબેડકરની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે અમરેલી જિલ્લાનાં છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં પણ હર્ષઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં અમરેલી રોડ પર આવેલા આંબેડકર હોલ ખાતેથી ભવ્ય શોભાયાત્રા ડીજેનાં તાલે નીકળી હતી. જેમાં સ્થાનિક અને આસપાસનાં ગ્રામીણ વિસ્તારનાં લોકો જોડાયા હતા. મુખ્ય બજારમાં નીકળેલી શોભાયાત્રામાં લોકોએ ડીજેના તાલે ગરબે ઘુમ્યા હતા. મુખ્ય બજારમાં મામલતદાર કચેરી ખાતે શોભાયાત્રામાં જોડાયેલા લોકોએ ડો. ભીમરાવ આંબેડકરની તસ્વીરને ફૂલહાર કરી ડો. ભીમરાવ અમર રહોનાં નારા લગાવ્યા હતા. ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે શાંતિપૂર્ણ માહોલમાં આ શોભાયાત્રા નીકળી હતી અને હર્ષઉલ્લાસ સાથે આંબેડકર જયંતીની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સામાજિક, રાજકીય આગેવાનો જોડાયા હતા.

### બગસરા

ભારત દેશ ના બંધારણ નાં પ્રણેતા ડો. બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૪મી જન્મજયંતીનિમિત્તે પુષ્પાંજલી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં બાબા સાહેબનાં જીવન ચરિત્ર વિશે વાત કરેલ અને પુષ્પાંજલિ અને હારતોરા કરેલ.

### ધારી

ધારી ખાતે ડો. ભીમરાવ આંબેડકર સાહેબના ૧૩૩ માં જન્મદિવસની ખૂબ જ શાનભેર ઉજવણી કરવામાં આવી હતી. તેમજ રેલી બાબા સાહેબના સ્ટેચ્યુથી શરૂઆત કરીને લાઈબ્રેરી ચોક તેમજ યોગીચોક અને ધારી ખાતે આવેલ જી.એન. દામાણી હાઈસ્કૂલમાં લઈ જવામાં આવી હતી. તેમજ દામણી હાઈસ્કૂલ ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન પણ કરવામાં આવ્યું હતું તેમજ અનુસૂચિત જાતિના સમાજ દ્વારા જમવાની પણ વ્યવસ્થા રાખવામાં આવેલ હતી.

### લીલીયામોટા

લીલીયા મોટા ખાતે આધુનિક ભારતના નિર્માતા અને સામાજિક ન્યાયના પ્રણેતા, ભારતીય સંવિધાનના શિલ્પકાર, ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૩મી જન્મજયંતીનિમિત્તે લીલીયા મોટા ખાતે ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવેલ. શહેરની મુખ્ય બજારોમાં ડીજેના તાલ સાથે જય ભીમના નાદ સાથે રેલી યોજવામાં આવી હતી. સમગ્ર રેલી શહેરમાં ફરી હતી અને બાબાસાહેબના સ્ટેચ્યુએ રેલી માટે મુસ્લિમ સમાજના યુવાનો દ્વારા ઠંડા પીણાનું આયોજન કરવામાં આવેલ. ત્યાર બાદ રેલી ડોકટર બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે સમાપ્ત કરવામાં આવેલ અને સમાજના આગેવાનો અને રાજકીય આગેવાનો દ્વારા બાબાસાહેબના જીવન વિશે પ્રેરક વાતો કરવામાં આવેલ. આ તકે રાજકીય પાર્ટીના રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમ સુંદર આયોજન ડો. બાબાસાહેબ આંબેડકર યુવા ગૃપ લીલીયા તાલુકા દ્વારા કરવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## અમરેલીમાં જુગાર રમતા ઈસમો રૂા. ૧૦,૦૫૦ સાથે ઝડપાયા




અમરેલી, તા. ૧૫

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહ તથા અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા જુગાર/દારૂની બદી દુર કરવા માટે સઘન પેટ્રોલીંગ રાખી તેમજ સફળ રેઈડો કરી જુગાર/દારૂની કડક કાર્યવાહી કરવા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય.

જે અન્વયે અમરેલીસીટી પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા હ્યુમન સોર્સની મદદથી ચોક્કસ બાતમી આધારે અમરેલીના પાણી દરવાજા, કાજીવાડ વિસ્તારમાં જાહેરમાં પૈસાની હારજીતનો જુગાર રમતા અમરેલીના કાજીવાડ વિસ્તારમાં આવેલ પાણી દરવાજા પાસે રહેતા મોસીનભાઈ સતારભાઈ કાજી, મુબીનભાઈ મેહબુબમીયા કુરેશી તથા મોહમદઅકબર અબ્દુલમજીદ કાજી (રહે. સરખેજ, અમદાવાદ) સહિત ત્રણ ઈસમોને રોકડા રૂા. ૧૦,૦૫૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી આરોપીઓ વિરૂધ્ધમાં ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### સ્થાનિક જાગૃત્ત નાગરિકોએ વિરોધ દર્શાવ્યો

## લ્યો બોલો : બગસરાનાં નદીપરામાં નિર્માણાધિન પુલનાં કાર્યમાં ખુલ્લેઆમ નિયમોનો ઉલાળીયો

### પાણી ભરેલા ખાડાને ખાલી કર્યા વગર સિમેન્ટનો માલ ઠાલવી કામ શરૂ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૫

બગસરાના નદિપરા વિસ્તારમાં બની રહેલ બગસરા અને ઝાંઝરિયાને જોડતા પૂલના કામમાં લોટ પાણી ને લાકડા જેવું ચાલી રહેલ છે. પાણી ભરેલા ખાડાને ખાલી કર્યા વિના કોંક્રિટ અને માલ બનાવી સીધી ભરતી કરતા નદીપરાના વિસ્તારના લોકોએ વાંધો લીધો હતો. માલ મટીરીયલ વપરાતો ૪૦ એમ એમની કોંક્રિટને બદલે ૬૫ એમ એમની કોંક્રિટ વપરાય છે જયારે ૧૨ થેલી સિમેન્ટને બદલે ૪ થેલીનો માલ બનાવી કામ નબળું થતી હોવાની ફરિયાદો ઉઠી છે. તેમજ બગસરા પાલિકાના ટાંકામાં વપરાતી વીજળીના મીટરમાં છેડા ભરાવી ડાયરેકટ લાઈટ લેવામાં આવી રહેલ છે. ત્યારે બગસરા પાલિકા પ્રમુખ સાથે વાત કરતા જણાવેલ કે માનવતાની રાહે આપેલ છે જો કોઈ વાંધો ઊંચકાતા હોય તો તે અંગે વિચાર કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. જયારે કોઈપણ કંપનીને કોન્ટ્રાકટ આપવામાં આવે ત્યારે સમગ્ર પ્રકારનું માલ મટીરીયલ કે પછી લાઈટ કે પાણી જેવી તમામ પ્રકારની જવાબદારી કોન્ટ્રાકટરની હોય છે તો પછી માનવતા સેની. ત્યારે બગસરાનાં બુદ્ધિજીવી લોકો દ્વારા ચર્ચાનું કેન્દ્ર બન્યું છે કે કર્મચારીઓને છેલ્લા પાંચ માસથી પગાર મળ્યો નથી અને પગારની ગ્રાન્ટમાંથી પીજીવીસીએલ પાંચ લાખ જેવી માતબાર રકમ કાપી લે છે તો ઘરના છોકરા ઘંટી ચાટે અને બહારના લોકોને આંટો તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. જો આવું જ નબળું કામ ચાલે તો ત્યાંના રહેવાસીઓએ ગાંધી ચિંધ્યા માર્ગે જવું પડશે તેમ જણાવ્યું હતુ. જયારે આ બાબતે ભૂતપૂર્વ એપીએમસીના ચેરમેન કાંતિભાઈ સતાસિયાએ વિડિયો પણ વાયરલ કરેલ હતો કે બગસરામાં ચાલી રહેલ પુલના કામમાં લોલમલોલ ચાલી રહેલ છે જયારે આવી નબળી ગુણવતાના પુલ બની ગયા પછી કોઈ જાનહાની થાય કે પછી પુલ તૂટી જાય તો આની સમગ્ર જવાબદારી પાલિકાની રહશે. જયારે લોકોમાં અનેક પ્રકારના સવાલો ઉઠી રહ્યાં છે કે આવા નબળી ગુણવતા સભર કામની તપાસ કરવામાં આવે અને જલ્દીથી જલ્દી આવા કામ ઉપર રોક લગાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## અમરેલી જિલ્લાનાં વતનીઓનો સહયોગ મેળવવા માટે ભાજપ દ્વારા

# સુરત ખાતે ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં સ્નેહમિલન યોજાયું

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં વિકાસ કાર્યોની જાણકારી મોદી પરિવાર સભાનાં માધ્યમથી નાગરિકો સુધી પહોંચી રહી છે

અમરેલી જિલ્લાનાં વિકાસમાં સુરત સ્થિત વતનપ્રેમીઓનું અનેરૂ યોગદાન જોવા મળી રહ્યું છે

અમરેલી જિલ્લાનાં ૩ થી ૪ લાખ નાગરિકોનો સુરતમાં વસવાટ હોવાથી રાજકીય આગેવાનો મદદ મેળવતા હોય છે

શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરીયા, ધારાસભ્યો વેકરિયા, કસવાલા, કાકડીયા, તળાવીયા સહિત સૌ ઉપસ્થિત રહ્યા




અમરેલી, તા. ૧૫

આવનાર લોકસભા ૨૦૨૪ની ચૂંટણી અંતર્ગત ભારતીય જનતા પાર્ટીનાં ઉમેદવાર ભરતભાઈ સુતરીયાનાં સમર્થનમાં સુરત ખાતે વસવાટ કરતા અમરેલી લોકસભા ક્ષેત્રના પરિવારજનો ધ્વારા આયોજિત સ્નેહમિલન સંમેલન યોજાયું હતું. આ તકે અમરેલી લોકસભા ક્ષેત્રના પરિવારજનો ઉપસ્થિત રહીને સમાજના આગેવાનો અને વડીલો સાથે આત્મીય મુલાકાત કરવામાં આવી હતી. આ તકે અમરેલીથી પધારેલા અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા, શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસુરીયા, અમરેલી ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયા, ધારાસભ્ય કુમારભાઈ કાનાણી, પ્રદેશ મંત્રી રઘુભાઈ હુંબલ, લાઠી-બાબરાનાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, પૂર્વ ધારાસભ્ય કેશુભાઈ નાકરાણી, મનુભાઈ કાકડીયા, સારહી યુથ કલબ ઓફ અમરેલીનાં ચેરમેન મુકેશભાઈ સંઘાણી સહિતના આગેવાનો સુરત ખાતે ઉપસ્થિત રહ્યા હતા અને આ તકે અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા તેમજ પાંચેય ધારાસભ્યોનું બાળાઓ ધ્વારા સામૈયા કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં લોકોએ અભૂતપૂર્વ સ્નેહ ભરતભાઈ સુતરીયાને આપ્યો હતો.

આવનાર લોકસભા ચૂંટણી ૨૦૨૪ના અનુસંધાને મોદી જયારે ત્રીજી વાર વડાપ્રધાન બનવા જઈ રહ્યા હોય ત્યારે અમરેલી લોકસભા બેઠક પર મોટી સંખ્યામાં ભાજપ તરફી મતદાન કરાવીને તમામ મતદારો જ મોદીનો પરિવાર છે એવું ચરિતાર્થ કરવાની હાંકલ કરવામાં આવી હતી.

### અશોકભાઈ હિરપરાની
## વડિયાનાં જીથુડી ગામની દુકાનમાંથી ૧૦ હજારની ચોરી

### વિપુલ પરમાર વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા.૧૫

વડીયા તાલુકાના જીથુડી ગામે રહેતા અશોકભઇ ડાયાભાઈ હિરપરાની પાનબીડીની તથા કરીયાણાની દુકાનના ઘરમાં પડતા દરવાજા માર્ગે ગત તા.૧૨ ના બપોરના ૧.૪૫ વાગ્યાના સમયે તેજ ગામે રહેતા વિપુલભાઈ ભરતભાઈ પરમારે ગેરકાયદેસર પ્રવેશ કરી દુકાનના થડામાં રાખેલ રોકડા રૂપિયા ૧૦,૦૦૦ ની ચોરી કરી ભાગવા જતા વેપારીની દિકરી હેનિકા જોઈ જતા આરોપી વંડી ટપી નાસી ગયાની ફરિયાદ નોંધાઈ છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં
ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
કેશ ડિસ્કાઉન્ટ ₹5000/-*
ઓછું ડાઉનપેમેન્ટ ₹5999/-*
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી.



''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
માર્ચ ધમાકા ઓફર
લીમીટેડ સ્ટોક ઉપલબ્ધ....
૨૦૨૩ ના મોડલ પર ભવ્ય ધમાકા ઓફર..
CELERIO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999



હવે કોઈપણ A.C. ની ખરીદી પર મેળવો...
Rs.5000/-* CASHBACK
Symphony 0% ફાઈનાન્સ Kenstar Air Coolers
BLUE STAR DAIKIN HITACHI GENERAL
MITSUBISHI ELECTRIC IFB Cruise VOLTAS
Whirlpool LG BPL
દરેક સ્ટાન્ડર્ડ કંપનીના A.C. અને Air Cooler ની વિશાળ રેન્જ...
યોગી ઈલેક્ટ્રોનિક્સ
શોપ નં.૮, સુધરાઇ શોપીંગ સેન્ટર, રાજકમલ ચોક, અમરેલી. Mo.78020 42200/94267 61717



Hero
Go BIG Go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601



YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
FZS-Fi
lord of the streets
Side Stand Engine cut-off Switch
Light Weight
3D Emblem
Durable 149cc fuel injection Engine
Two-level Single Piece Seat
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪



અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ 100% કોમર્સ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ :

| ધો.10 P.R. આધારીત સ્કોલરશીપ | |
|---|---|
| ધો.10 P.R. | ફી માફી |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R.સુધી | 20% |
| 85 થી 90 P.R.સુધી | 15% |
| 65 થી 85 P.R.સુધી | 10% |
| 50 થી 65 P.R.સુધી | 05% |

ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ.
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકસી લેક્ચર..
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠ્યપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા..
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...
નિકુંજ ગઢવાલા મો.૯૧૦૯૯ ૩૪૪૨૯ | ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૯૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ નારાયણ નગર, અમરેલી

### રોકાણકારોના ૫ લાખ કરોડ ડૂબ્યા

# શેરબજારમાં હાહાકાર : સેન્સેક્સમાં ૮૦૦થી વધુ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

### સેન્સેક્સ ૮૪૫.૧૨ પોઈન્ટ ઘટીને ૭૩,૩૯૯.૭૮ પર બંધ : નિફ્ટી ૧.૧૦ ટકા એટલે ૨૪૬.૯૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૨,૨૭૨.૫૦ પર બંધ રહ્યો

મુંબઈ, તા.૧૫

ભારતીય શેરબજાર સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સોમવારે મોટા ઘટાડા સાથે બંધ થયું હતું. બોમ્બે સ્ટોક એક્સચેન્જ ઈન્ડેક્સ સેન્સેક્સ આજે ૧.૧૪ ટકા નીચો આવી ૮૪૫.૧૨ પોઈન્ટ ઘટીને ૭૩,૩૯૯.૭૮ પર બંધ રહ્યો હતો. બજાર બંધ સમયે, સેન્સેક્સ પેકના ૩૦ શેરોમાંથી ૨૭ શેર લાલ નિશાન પર અને ૩ શેર લીલા નિશાન પર હતા. બીજી તરફ, નેશનલ સ્ટોક એક્સચેન્જનો સૂચકાંક નિફ્ટી સોમવારે ૧.૧૦ ટકા નીચો રહી ૨૪૬.૯૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૨,૨૭૨.૫૦ પર બંધ થયો હતો. બજાર બંધ સમયે નિફ્ટી પેકના ૫૦ શેરોમાંથી ૬ શેર લીલા નિશાન પર અને ૪૪ શેર લાલ નિશાન પર હતા. નિફ્ટી પેક શેર્સમાં આજે સૌથી મોટો ઘટાડો શ્રીરામ ફાઈનાન્સમાં ૩.૧૨ ટકા, વિપ્રોમાં ૨.૬૦ ટકા, ICICI બેન્કમાં ૨.૪૩ ટકા, બજાજ ફાઈનાન્સમાં ૨.૨૮ ટકા અને બજાજ ફિનસર્વમાં ૨.૨૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તે જ સમયે, નિફ્ટી પેકમાં સૌથી વધુ વધારો ONGCમાં ૫.૮૦ ટકા, હિન્દાલ્કોમાં ૨.૪૦ ટકા, મારુતિમાં ૧.૧૭ ટકા, નેસ્લે ઈન્ડિયામાં ૦.૮૩ ટકા અને બ્રિટાનિયામાં ૦.૩૮ ટકાનો વધારો નોંધાયો હતો. ક્ષેત્રીય સૂચકાંકોની વાત કરીએ તો આજે એક નિફ્ટી તેલ અને ગેસ (૦.૪૧%) સિવાય બાકીના બધા લાલ નિશાનમાં બંધ થયા છે. સૌથી મોટો ઘટાડો નિફ્ટી મીડિયામાં ૨.૨૩ ટકા નોંધાયો હતો. આ ઉપરાંત નિફ્ટી બેન્કમાં ૧.૬૩ ટકા, નિફ્ટી ઓટોમાં ૦.૭૮ ટકા, નિફ્ટી ફાઈનાન્શિયલ સર્વિસિસમાં ૧.૭૫ ટકા, નિફ્ટી એફએમસીજીમાં ૦.૯૮ ટકા, નિફ્ટી આઈટીમાં ૧.૫૮ ટકા, નિફ્ટી મેટલમાં ૦.૫૮ ટકા, નિફ્ટી ફાર્મામાં ૦.૯૧ ટકા, નિફ્ટી ૧.૯૧ ટકા. નિફ્ટી પીએસયુ બેન્ક ૧.૯૮ ટકા, નિફ્ટી પ્રાઈવેટ બેન્ક ૧.૬૬ ટકા, નિફ્ટી રિયલ્ટી ૧.૦૯ ટકા, નિફ્ટી હેલ્થકેર ઈન્ડેક્સ ૧.૩૭ ટકા, નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૩૨ ટકા અને નિફ્ટી મિડસ્કોલ હેલ્થકેયર ૧.૨૪ ટકા ઘટ્યા છે.

ઘટાડા પાછળના કારણો

- ઈઝરાયેલ-ઈરાન યુદ્ધઃ ઈઝરાયેલ-ઈરાન યુદ્ધને કારણે મધ્ય પૂર્વ ક્ષેત્રમાં તણાવ વધી રહ્યો છે. ભારતીય બજારમાં આજના ઘટાડાનું મુખ્ય કારણ આ છે.
- મજબૂત યુએસ ડૉલર : ભૌગોલિક રાજકીય તણાવને કારણે યુએસ ડૉલર મજબૂત થયો છે. સાથે જ રૂપિયો પણ નબળો પડ્યો છે. સોમવારે શરૂઆતના કારોબારમાં અમેરિકી ડોલર સામે રૂપિયો છ પૈસા ઘટીને ૮૩.૪૪ પર બંધ થયો હતો. જેના કારણે બજારનો મૂડ પણ બગડ્યો છે.
- વૈશ્વિક બજારોમાં વેચાણઃ મધ્ય પૂર્વમાં વધતા તણાવને કારણે વૈશ્વિક બજારોમાં વેચાણનું પ્રભુત્વ છે. શુક્રવારે યુએસ શેરબજાર ઘટાડા સાથે બંધ થયું હતું. સોમવારે વહેલી સવારના સત્રમાં એશિયન બજારો જેવા કે નિક્કી, હેંગસેંગ, કોસ્પી વગેરે દબાણ હેઠળ ટ્રેડ થઈ રહ્યા છે. તેની અસર ભારતીય બજાર પર પણ જોવા મળી છે.
- વિદેશી રોકાણકારો દ્વારા વેચવાલી : વિશ્વમાં વધતા તણાવને કારણે વિદેશી રોકાણકારો ભારતીય બજારમાંથી નાણાં પાછા ખેંચી રહ્યા છે. શુક્રવારે FPIએ રૂ. ૮,૦૨૭ કરોડ પાછા ખેચ્યા હતું. આ વલણ આગળ પણ ચાલુ રહી શકે છે. તેની અસર બજારમાં પણ જોવા મળી રહી છે.
- ભારત-મોરેશિયસ ટેક્સ સંધિમાં ફેરફારોઃ ભારત અને મોરેશિયસે બંને દેશો વચ્ચેના ડબલ ટેક્સેશન એવોઈડન્સ એગ્રીમેન્ટમાં સુધારો કર્યો છે. આ પછી હવે મોરેશિયસ મારફતે ભારતમાં આવતા રોકાણ પર બારીકાઈથી નજર રાખવામાં આવશે. આના કારણે વિદેશી રોકાણને અસર થવાની સંભાવના છે. તેની અસર બજારમાં પણ જોવા મળી રહી છે.
- ક્રૂડના ભાવમાં વધારોઃ ઈરાનના ઈઝરાયેલ પર હુમલા બાદ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો છે. મધ્ય પૂર્વમાં વધી રહેલા તણાવ વચ્ચે તેલની કિંમતો પર તેની અસર થવાની શક્યતા છે. જો બંને દેશો વચ્ચે યુદ્ધ થાય છે તો બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમત પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને પાર કરી શકે છે. અત્યારે તે લગભગ $90 પ્રતિ બેરલ સુધી પહોંચી ગયો છે. તેની અસર ભારતીય બજાર પર પણ જોવા મળી રહી છે.

### એન્ફોર્સમેન્ટ એજન્સીઓ સક્રિય થઈ

# પ્રથમ ચરણ પહેલા જ ચૂંટણી પંચે અબજો રૂપિયાના સામાનની જપ્તી કરી

### એજન્સીઓએ ૪૫.૫૯ કરોડ રૂપિયાની રોકડ અને ૧૫૧ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો દારૂ જપ્ત કર્યો છે

નવી દિલ્હી, તા.૧૫

લોકસભા ચૂંટણી પહેલા એન્ફોર્સમેન્ટ એજન્સીઓ સક્રિય થઈ ગઈ છે અને કરોડો રૂપિયા જપ્ત કર્યા છે. ભારતના ચૂંટણી પંચે જણાવ્યું હતું કે અમલીકરણ એજન્સીઓએ ૧૮મી લોકસભા ચૂંટણીમાં પ્રથમ તબક્કાના મતદાન પહેલા ૪,૬૫૦ કરોડ રૂપિયાથી વધુની વિક્રમી રકમ જપ્ત કરી છે.

"૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં જપ્ત કરવામાં આવેલી રકમ લોકસભાની ચૂંટણીના ૭૫ વર્ષના ઈતિહાસમાં નોંધાયેલી પ્રલોભનની સૌથી વધુ રકમ છે. આ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન જપ્ત કરાયેલા ૩,૪૭૫ કરોડ રૂપિયા કરતાં વધુ છે," ચૂંટણી પંચે તેમના સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું. ચૂંટણી પંચે કહ્યું કે આ વર્ષે ૧ માર્ચથી દરરોજ ૧૦૦ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે.

આ દરમિયાન એજન્સીઓએ ૪૫.૫૯ કરોડ રૂપિયાની રોકડ અને ૧૫૧ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો દારૂ પણ જપ્ત કર્યો છે. કમિશને કહ્યું કે વ્યાપક આયોજન, સહકાર, સક્રિય નાગરિક ભાગીદારી અને ટેક્નોલોજીના કારણે આ શક્ય બન્યું છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ૧૬ માર્ચે આદર્શ આચાર સંહિતા લાગુ થઈ ત્યારથી કર્ણાટકમાં જપ્તી સંબંધિત ૧,૬૫૦ એફઆઈઆર નોંધવામાં આવી છે. અત્યાર સુધીમાં અહીં કુલ ૩૪૫.૮૯ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે.

આદર્શ આચાર સંહિતા લાગુ થયા બાદ, ફ્લાઈંગ સ્કવોડ, સ્ટેટિક સર્વેલન્સ ટીમો અને પોલીસ અધિકારીઓએ ૪૬.૫૯ કરોડ રૂપિયા રોકડા, ૧૫૧ કરોડ રૂપિયાથી વધુની દારૂની બોટલો, રૂપિયા ૯.૯૩ કરોડની કિંમતનું માદક દ્રવ્ય, ૫૬.૮૬ કરોડ રૂપિયાનું સોનું અને ૫૬.૮૮ કરોડ રૂપિયાનો વિનામૂલ્યે વિતરણ કરાયેલ જથ્થો જપ્ત કર્યો છે. કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયે કહ્યું કે આ સિવાય ૭.૭૩ કરોડ રૂપિયાની અન્ય વસ્તુઓ પણ જપ્ત કરવામાં આવી છે.આ સમયગાળા દરમિયાન આબકારી વિભાગે ૨,૦૮૬ જઘન્ય કેસ, લાયસન્સની શરતોના ઉલ્લંઘનના ૨,૭૦૭ કેસ, NDPS (નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ) હેઠળ ૧૨૩ કેસ અને કર્ણાટક એક્સાઈઝ એક્ટ ૧૯૬૩૫ અને ૧૯૬૩૫ની કલમ ૧૫ (A) હેઠળ ૧૩,૮૩૩ કેસ નોંધ્યા છે. વિવિધ પ્રકારના વાહનો પણ જપ્ત કરવામાં આવ્યા છે. લોકસભાની ૫૪૩ બેઠકો માટે સાત તબક્કામાં મતદાન થવાનું છે. પ્રથમ તબક્કા માટે ૧૯ એપ્રિલે ૧૦૨ બેઠકો પર મતદાન થશે. મતગણતરી ૪ જૂને થશે.

### લોકસભા ચૂંટણી અગાઉ કેજરીવાલને ઝટકો

# જેલમાં જ રહેશે કેજરીવાલ, સુપ્રીમ કોર્ટની ઈડીને નોટિસ

### સુપ્રીમે આ કેસની સુનાવણી ૨૯ એપ્રિલ સુધી મુલતવી રાખી અને EDને નોટિસ જાહેર કરીને જવાબ આપવા કહ્યું

નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટે દિલ્હી લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરાયેલા દિલ્હી સીએમ અરવિંદ કેજરીવાલની અરજી પર જલદી સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે.

દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટમાંથી હજુ સુધી રાહત મળી નહોતી. સોમવારે સુપ્રીમ કોર્ટે અરવિંદ કેજરીવાલની અરજી પર ED એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને નોટિસ જાહેર કરી હતી. સુપ્રીમ કોર્ટે EDને ૨૪ એપ્રિલ પહેલા જવાબ આપવા કહ્યું છે. વાસ્તવમાં, અરવિંદ કેજરીવાલે સોમવારે સુપ્રીમ કોર્ટમાં ચૂંટણી પ્રચાર માટે મુક્તિની માંગ કરી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે આ કેસની સુનાવણી ૨૯ એપ્રિલ સુધી મુલતવી રાખી અને EDને નોટિસ જાહેર કરીને જવાબ આપવા કહ્યું.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ તરફથી કોર્ટમાં હાજર થયેલા અભિષેક મનુ સિંઘવીએ ચૂંટણીને ટાંકીને શુક્રવારે સુનાવણીની માંગણી કરી હતી પરંતુ કોર્ટે કહ્યું કે આટલી ઝડપી સુનાવણી શક્ય નથી. તેમજ કોર્ટે ઈઢને ૨૪ એપ્રિલ સુધીમાં જવાબ આપવા જણાવ્યું છે. કેજરીવાલ ૨૭ એપ્રિલ સુધીમાં કેન્દ્રીય તપાસ એજન્સીના જવાબ પર પોતાનો જવાબ દાખલ કરશે.સુપ્રીમ કોર્ટના આ નિર્ણય બાદ હવે અરવિંદ કેજરીવાલને જેલમાં જ રહેવું પડશે. કેસની સુનાવણી દરમિયાન જ્યારે અરવિંદ કેજરીવાલના વકીલો સુપ્રીમ કોર્ટમાં દલીલો આપી રહ્યા હતા ત્યારે કોર્ટે કહ્યું હતું કે તેઓ સુનાવણી દરમિયાન તેમની દલીલોને ચર્ચા માટે સાચવીને રાખે. નોંધનીય છે કે કેજરીવાલે ઈઢ દ્વારા તેમની ધરપકડ અને નીચલી કોર્ટ દ્વારા આપવામાં આવેલી કસ્ટડીને પડકારી છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે અરવિંદ કેજરીવાલની અરજી પર સુનાવણી કરી હતી.

આ પહેલા દિલ્હી હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલની અરજી ફગાવી દીધી હતી. હાઈકોર્ટે સ્વીકાર્યું હતું કે અરવિંદ કેજરીવાલની ઈડી દ્વારા નિયમો અનુસાર ધરપકડ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીને મોટો ફટકો આપતા હાઈકોર્ટે મની લોન્ડરિંગ કેસમાં તેમની ધરપકડને કાયદેસર ગણાવી હતી અને કહ્યું હતું કે તેમણે વારંવારના સમન્સ છતાં તપાસમાં સામેલ થવાનો ઈનકાર કર્યો હતો જેથી ED પાસે થોડા વિકલ્પ બચ્યા હતા.

### ૧૮ એપ્રિલ સુધી VIP દર્શન બંધ કરાયા

# અયોધ્યામાં રામનવમીની તડામાર તૈયારી, ૧૧૧૧૧૧ કિલો લાડૂનો ભોગ ધરાવાશે

### આ અવસર પર ૧૭ એપ્રિલે અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરમાં ૫૦ લાખથી વધુની ભીડ થવાની સંભાવના છે

અયોધ્યા, તા.૧૫

રામ નવમીને લઈને માત્ર અયોધ્યા જ નહીં, પરંતુ દેશભરના ભક્તો ઉત્સાહિત છે. આ અવસર પર ૧૭ એપ્રિલે અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરમાં ૫૦ લાખથી વધુની ભીડ થવાની સંભાવના છે. મિર્ઝાપુરથી ૧,૧૧,૧૧૧ કિલો લાડુ લોકોને વિતરણ માટે મોકલવામાં આવી રહ્યા છે. શહેરના સાળા હંસ બાબા ટ્રસ્ટ દ્વારા પ્રસાદ મોકલવામાં આવી રહ્યો છે. ૨૨ જાન્યુઆરીએ, અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે, દેવરાહ હંસ બાબા આશ્રમે ૧,૧૧૧ મણ લાડુ (એક મણ બરાબર ૪૦ કિલો) અર્પણ માટે મોકલ્યા હતા. રામનવમી પર ઉત્તર પ્રદેશના અયોધ્યામાં અંદાજે ૪૦ લાખ ભક્તોના આગમનના અનુમાનને ધ્યાનમાં રાખીને, રામ મંદિર ટ્રસ્ટે ૧૫ થી ૧૮ એપ્રિલ સુધી VIP દર્શન અને VIP પાસ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો છે. મંદિર ટ્રસ્ટ ઓફિસના પ્રભારી પ્રકાશ ગુપ્તાના જણાવ્યા અનુસાર, આ સમયગાળા દરમિયાન ભક્તો સુગમ દર્શન પાસ અને આરતી પાસનો ઉપયોગ કરી શકાશે નહીં. આ સમયગાળા માટે ઓનલાઈન જાહેર કરાયેલા સુગમ અને આરતી પાસ રદ કરવામાં આવ્યા છે. ઓફિસ ઈન્ચાર્જે કહ્યું કે રામ નવમીની મુખ્ય તારીખો પર આવતી ભીડને ધ્યાનમાં રાખીને વધુને વધુ ભક્તો રામલલ્લાના દર્શન કરી શકે તે માટે એવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ અંતર્ગત સુગમ દર્શન અને આરતી માટેના પાસ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું કે સોમવારથી ગુરુવાર સુધી દરરોજ સતત ૨૦ કલાક દર્શનની વ્યવસ્થા કરવામાં આવશે. રામલલાના શણગાર, પ્રસાદ, રાગ પૂજા અને આરતી માટે ૪ કલાકનો સમય રાખવામાં આવ્યો છે. ૧૫ થી ૧૮ એપ્રિલ સુધી રામલલાના દરબારમાં VIP દર્શન પર પ્રતિબંધ રહેશે. માર્ગદર્શિકા જાહેર કરતી વખતે, ટ્રસ્ટે કહ્યું છે કે સોમવારથી ચાર દિવસ સુધી વીઆઈપી દર્શન માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવશે નહીં. જેમણે ૧૫ થી ૧૮ એપ્રિલની વચ્ચે ફૈં પાસ બનાવ્યા છે, તેમના પાસ પણ રદ ગણવામાં આવશે. ચૈત્ર શુક્લ સપ્તમી એટલે કે સોમવારથી અયોધ્યામાં ભક્તોની ભીડ વધવાની શક્યતા છે. તેને જોતા રામ મંદિર ટ્રસ્ટે ફૈં દર્શન પર પ્રતિબંધ લગાવી દીધો છે. ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે અપીલ કરી છે કે વીઆઈપી પ્રોટોકોલ ધારકો આ તારીખો પર અયોધ્યા ન આવે. ભીડમાં VIP દર્શન શક્ય નહીં બને. પહેલાથી બનાવેલા સ્પેશિયલ અને સુગમ પાસ ૧૮મી એપ્રિલ સુધી માન્ય રહેશે નહીં. આવી સ્થિતિમાં પાસ ધારકોને VIP સુવિધા પણ આપવામાં આવશે નહીં.

### RBIએ રિઝર્વને ડાઈવર્સીફાઈ કરવા ખરીદી કરી

# રિઝર્વ બેન્કે બે મહિનામાં ૧૩.૩૦ ટન ગોલ્ડ ખરીદ્યું

### ફુગાવા સામે રક્ષણ માટે RBIએ આટલું સોનું ખરીદ્યું

નવી દિલ્હી, તા.૧૫

સોનાના ભાવ રોજેરોજ નવો રેકોર્ડ બનાવી રહ્યા છે ત્યારે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા સોનામાં મોટા પ્રમાણમાં ખરીદી જારી છે. જાન્યુઆરીથી ફેબ્રુઆરીના બે મહિના દરમિયાન આરબીઆઈએ આંતરરાષ્ટ્રીય બજારમાંથી ૧૩.૩૦ ટન સોનાની ખરીદી કરી છે. આરબીઆઈએ પોતાના રિઝર્વને ડાઈવર્સીફાઈ કરવા માટે સોનાની ખરીદી કરી છે. ગોલ્ડના કારણે ફોરેક્સ રિઝર્વ ત્રણ અબજ ડોલર વધીને ૬૪૮.૫ અબજ ડોલર થયું છે. ફુગાવા સામે રક્ષણ માટે આરબીઆઈએ આટલા મોટા પ્રમાણમાં સોનું ખરીદ્યું છે.સોનું ખરીદવાના કારણે ભારતને ફાયદો પણ થયો છે. ભારતના વિદેશી મૂડીના હુંડિયાણમાં ૩ અબજ ડોલરનો જે વધારો થયો તેમાં એકલા ગોલ્ડનો ૮૦ ટકા કરતા વધુ હિસ્સો હતો. પાંચમી એપ્રિલે ભારતનું ફોરેક્સ રિઝર્વ ૬૪૮.૫ અબજ ડોલરની વિક્રમ સપાટી પર હતું.ચાલુ વર્ષમાં જાન્યુઆરીથી ફેબ્રુઆરીના ગાળામાં આરબીઆઈએ ૦.૪૩ મિલિયન ટ્રોય ઔંસ સોનાના ખરીદી કરી હતી. એટલે કે ભારતે લગભગ ૧૩.૩૦ ટન સોનું બજારમાંથી ખરીદ્યું છે. ૨૦૨૩માં સેન્ટ્રલ બેંક દ્વારા સોનાની જે ખરીદી કરવામાં આવી તેમાં લગભગ ૮૦ ટકા ખરીદી જાન્યુઆરીથી એપ્રિલના ગાળામાં થઈ હતી. આરબીઆઈના ગવર્નર શક્તિકાંતા દાસે પાંચમી જૂને નાણાકીય નીતિ રજુ કર્યા પછી પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે અમે ગોલ્ડ રિઝર્વ એકત્ર કરી રહ્યા છીએ. ડેટા સમયાંતરે રિલિઝ કરવામાં આવે છે. અમે ગોલ્ડના રિઝર્વમાં વધારો કરતી વખતે તમામ પાસા પર બરાબર ધ્યાન આપીએ છીએ અને પછી નિર્ણય લેવાય છે. ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા ડિસેમ્બર ૨૦૧૭થી જ માર્કેટમાંથી સોનાની ખરીદી સતત ચાલુ છે. આરબીઆઈ ફુગાવા અને ફોરેન કરન્સીને લગતા જોખમને પહોંચી વળવા માટે આ ખરીદી કરે છે. ફેબ્રુઆરી ૨૦૨૪ના આંકડા પ્રમાણે ભારતીય રિઝર્વ બેન્ક પાસે ૨૬.૨૬ મિલિયન ટ્રોય ઔંસ સોનું હતું જે ડિસેમ્બર ૨૦૧૭માં ૧૭.૯૪ મિલિયન ટ્રોય ઔંસ હતું.

વિદેશમાં કોઈ પણ યુદ્ધ કે બીજા કારણોથી ઉથલપાથલ આવે ત્યારે કોમોડિટીના ભાવ વધી જાય છે અને તેની સામે રક્ષણ આપવા માટે સોનાની ખરીદી કરવી જરૂરી છે. બેંક ઓફ બરોડાના ચીફ ઈકોનોમિસ્ટ મદન સબનવીસે જણાવ્યું કે ભારતીય રિઝર્વ બેંક રાજકીય અને આર્થિક બંને કારણોથી સોનું ખરીદી રહી છે. અમેરિકન ડોલર હંમેશાથી એક સ્થિર કરન્સી છે ત્યારે યુક્રેન યુદ્ધના કારણે તેની વિશ્વસનીયતા ઘટી ગઈ છે. હાલમાં યુએસ બોન્ડમાં યીલ્ડ સૌથી વધારે છે.

એટલે કે અગાની તુલનામાં ડોલર નબળો પડ્યો છે. આ દરમિયાન સોનાના ભાવમાં પણ વધારો જારી છે. ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં સોનું લગભગ ૭ ટકા કરતા વધારે વધ્યું છે. ગોલ્ડ રિઝર્વનો ભાવ લંડન બુલિયન એક્સચેન્જ સાથે લિંક થયેલો છે અને હાલમાં સોનાનો ભાવ ૨૩૦૦ ડોલર પ્રતિ ટ્રોય ઔંસની સપાટીને પાર કરી ગયો છે.

### હવામાન વિભાગે આપી જાણકારી

# ખેડૂતો માટે ગુડ ન્યૂઝ : આ વર્ષે ચોમાસામાં પડશે સારો વરસાદ

### આ વર્ષે ભારતમાં સારા વરસાદથી સંબંધિત લા નીનાની સ્થિતિ ઓગસ્ટ-સપ્ટેમ્બર સુધી સક્રિય થવાની સંભાવના

નવી દિલ્હી, તા.૧૫

ભારતીય હવામાન વિભાગ અનુસાર આ વર્ષે ચોમાસાની સ્થિતિ સામાન્યથી વધુ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગ અનુસાર આ વર્ષે ભારતમાં સારા વરસાદથી સંબંધિત લા નીનાની સ્થિતિ ઓગસ્ટ-સપ્ટેમ્બર સુધી સક્રિય થવાની સંભાવના છે. હવામાન વિભાગે આપેલી જાણકારી અનુસાર, ઉત્તર-પશ્ચિમ, પૂર્વ અને પૂર્વોત્તર રાજ્યોના કેટલાક વિસ્તારને છોડી દેશના મોટા ભાગના વિસ્તારમાં સામાન્ય વરસાદ થવાની આશા છે. હવામાન વિભાગના પ્રમુખે જણાવ્યું કે વર્ષ ૧૯૫૧થી ૨૦૨૩ સુધીના આંકડાથી ખ્યાલ આવે છે કે ભારતમાં નવ વખત સામાન્યથી વધુ વરસાદ થયો, જ્યારે અલ નીનો બાદ લા નીનાની સ્થિતિ બની. ચોમાસાને લઈને આઈએમડીએ નવું અપડેટ આપ્યું છે. આઈએમડીએ જણાવ્યું કે ભારતમાં આ વખતે સારો વરસાદ પડશે. આ વખતે સામાન્યથી વધુ વરસાદની સંભાવના છે અને ઓગસ્ટ-સપ્ટેમ્બર સુધી લા નીનાની સ્થિતિ રહેવાની આશા છે. જૂનથી સપ્ટેમ્બરમાં એવરેજ ૮૭ સેમી એટલે કે ૧૦૬ ટકા વરસાદનું અનુમાન છે. જળવાયુ વૈજ્ઞાનિકોનું કહેવું ચે કે વરસાદના દિવસોની સંખ્યા ઘટી રહી છે, જ્યારે ભારે વરસાદની ઘટનાઓ (થોડા સમયમાં વધુ વરસાદ) વધી રહી છે, જેનાથી વારંવાર દુષ્કાળ અને પૂર આવી રહ્યાં છે. ભારત હવામાન વિજ્ઞાન [redacted]

### દરરોજ ૧ બોરવેલ સૂકાઈ રહ્યો છે, જળસ્તર તળિયે

# ભારતના વધુ એક શહેરમાં ભીષણ જળસંકટના એંધાણ

### ગ્રેટર નોઈડા ઓથોરિટીના ૧૦૦થી વધુ બોરવેલ ગ્રેનો વેસ્ટ વિસ્તારના જળસ્તરને ઝડપથી ખાલી કરી રહ્યા છે

ગ્રેટર નોઈડા, તા.૧૫

દેશભરના ઘણાં ભાગોમાં ઉનાળાની ધગધગતી ગરમી સાથે પાણીની બૂમો શરૂ થઈ ગઈ છે, ત્યારે દેશના સૌથી વિકસીત શહેર ગ્રેટર નોઈડામાં ભીષણ જળસંકટ સર્જાયું છે. ગ્રેટર નોઈડા ઓથોરિટીના ૧૦૦થી વધુ બોરવેલ ગ્રેનો વેસ્ટ વિસ્તારના જળસ્તરને ઝડપથી ખાલી કરી રહ્યા છે.જળસંકટને પહોંચી વળવા ઓથોરિટી દ્વારા અગાઉથી જ બોરવેલને ઊંડા કરવાની કામગીરી થઈ રહી છે અને કુલ ૫૦થી વધુ બોરવેલને વધુ ઊંડા કરવામાં આવ્યા છે. આ ઉપરાંત નવા બોરવેલ પણ બનાવવામાં આવી રહ્યા છે. જો ભૂગર્ભજળનું શોષણ નહીં અટકે તો પાંચ લાખ ફ્લેટોના રહેવાસીઓ માટે જળસંકટ સર્જાઈ શકે છે. ગ્રેનો વેસ્ટ વિસ્તારમાં ૧૦૦થી વધુ સોસાયટીઓમાં બે લાખથી વધુ લોકો રહે છે. અહીં વસ્તી વધવાની સાથે પાણીની માંગ પણ વધી રહી છે, જેને ધ્યાને રાખી ઓથોરિટીએ વિસ્તારમાં ૧૦૦થી વધુ બોરવેલ બનાવ્યા છે અને હજુ પણ નવા બોરવેલ બનાવવાની કામગીરી ચાલી રહી છે. ભૂગર્ભજળનું સતત શોષણ થવાના કારણે અગાઉ બોરવેલમાં ૯૦થી ૧૦૦ ફૂટની ઊંડાઈ પરથી પાણી મળી જતું હતુ, પરંતુ હવે ૧૬૦થી ૧૮૦ ફૂટની ઊંડાઈએથી પાણી મેળવવાની મુસીબત સર્જાઈ છે. બોરવેલ બંધ થવાના કારણે રોજબરોજ કોઈને કોઈ સોસાયટીમાં પાણીની પુરવઠો બંધ થઈ જાય છે.ભૂગર્ભ જળ વિભાગના હાઈડ્રોલોજિસ્ટ અંકિતા રાયે જણાવ્યું કે, પીવાના પાણીના પુરવઠા માટે બોરવેલ પર કોઈ પ્રતિબંધ નથી, પરંતુ પાણીનું સ્તર ઘટી જવાને કારણે ઓથોરિટીના બોરવેલ સુકાઈ રહ્યા છે. આ સંદર્ભે સત્તામંડળ સાથે સતત વાત કરીને ઉકેલ લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગ્રેનો વેસ્ટમાં બે વર્ષથી પાણીની સમસ્યા સર્જાય છે. લોકોનું કહેવું છે કે, ગ્રેનો વેસ્ટમાં કુલ પાંચ લાખ ફ્લેટો બનવાના છે, જેમાં ૧૦ લાખથી વધુ લોકો રહેશે. જો આવી સ્થિતિ યથાવત્ રહેશે તો ગ્રેનો વેસ્ટમાં ભીષણ જળસંકટ સર્જાશે.

### દેશના ૮૩% યુવાનો બેરોજગાર કેમ છે?

# કેન્દ્ર સરકારે સ્કિલ યોજનાઓ પર કરોડો રૂપિયા ખર્ચી નાખ્યા

### સ્કીલ ઈન્ડિયા મિશન યુવાનોને રોજગારી યોગ્ય બનાવવા માટેની યોજના છે : આની શરૂઆત ૨૦૧૫માં થઈ હતી

નવી દિલ્હી, તા.૧૫

ભારતમાં ચૂંટણીના માહોલ વચ્ચે તમામ પક્ષોએ પોતપોતાના ઢંઢેરામાં યુવાનોને રોજગાર આપવાનું વચન આપ્યું છે. ગત લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન ભારતીય જનતા પાર્ટીએ લોકોને રોજગારી આપવાના ઘણા વચનો પણ આપ્યા હતા, એટલું જ નહીં, કેન્દ્ર સરકારે યુવાનોમાં કૌશલ્યને પ્રોત્સાહન આપવા માટે ઘણી યોજનાઓ પણ શરૂ કરી હતી. પરંતુ, આ હોવા છતાં, ૨૦૨૪માં ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO) ના એક રિપોર્ટ અનુસાર, હાલમાં ભારતમાં લગભગ ૮૩% યુવાનો બેરોજગાર છે.

આવી સ્થિતિમાં એક સવાલ એ ઊભો થાય છે કે તમામ યોજનાઓ અને પ્રયાસો છતાં દેશમાં બેરોજગારી કેમ ઓછી નથી થઈ રહી. લોકોને કૌશલ્ય શીખવવા માટે કેન્દ્ર સરકારે આ યોજનાઓ પર કેટલો ખર્ચ કર્યો છે?સ્કીલ ઈન્ડિયા મિશન એ યુવાનોને રોજગારીયોગ્ય બનાવવા માટેની એક યોજના છે. આ મિશનની શરૂઆત વર્ષ ૨૦૧૫માં કરવામાં આવી હતી. તાજેતરમાં, રાજ્યસભામાં પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયના રાજ્ય મંત્રી, રાજીવ ચંદ્રશેખરે કહ્યુંહતું કે, છેલ્લા પાંચ વર્ષમાં, સ્કિલ ઈન્ડિયા મિશન હેઠળ ભારતમાં ૧૫,૧૯૨ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત, રાજ્યસભાના ડેટા અનુસાર, પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ લોકોને તાલીમ આપવા માટે છેલ્લા પાંચ વર્ષમાં૯૧ લાખ રૂપિયા અને જન શિક્ષણ સંસ્થાન યોજના હેઠળ ૧૪ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.રાજ્યસભાના અહેવાલ મુજબ, પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ કૌશલ્ય શીખનારા યુવાનો અન્ય યોજનાઓની તુલનામાં વધુ પગાર સાથે નોકરી મેળવવા માટે સક્ષમ છે. આ તમામ સરકારી યોજનાઓનો હિસ્સો બનેલા યુવાનોમાંથી લગભગ ૭૬ ટકા ઉમેદવારોએ કબૂલ્યું હતું કે તાલીમ બાદ તેમને પહેલા કરતાં વધુ રોજગારીની તકો મળી છે. હકીકતમાં, જુદા જુદા અહેવાલો અનુસાર, ભારતમાં મોટાભાગની નોકરીઓ અકુશળ અને અર્ધ-કુશળ કામદારો માટે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, સ્નાતક થયેલા યુવાનોને રોજગાર મેળવવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. ભારતમાં સ્નાતકો અને ડિગ્રી ધારકો માટે બેરોજગારીની ટકાવારી વર્ષ ૨૦૧૭-૧૮ (જૂન-જુલાઈ) થી ઘટી રહી છે. જો કે, ઓછા શિક્ષિત લોકો માટે રોજગારીની તકો પણ ઘટી છે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO) અને ઈન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલપમેન્ટ (IHD) દ્વારા વર્ષ ૨૦૨૪ના રિપોર્ટમાં ભારતમાં બેરોજગારી અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. રિપોર્ટ અનુસાર દેશના શિક્ષિત યુવાનોમાં બેરોજગારીનો હિસ્સો વધ્યો છે. વર્ષ ૨૦૦૦માં દેશમાં ૫૪.૨ ટકા શિક્ષિત યુવાનો બેરોજગાર હતા. આ સંખ્યા ૨૦૨૨ સુધીમાં વધીને ૬૫.૭ ટકા થઈ ગઈ છે. એટલે કે હાલમાં લગભગ ૬૫.૭ ટકા યુવાનો એવા છે જેઓ શિક્ષિત છે પરંતુ તેમની પાસે નોકરી નથી. રિપોર્ટમાં એ વાતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે દેશમાં માધ્યમિક શિક્ષણ બાદ શાળા છોડનારા યુવાનોની સંખ્યામાં પણ છેલ્લા કેટલાક વર્ષોમાં વધારો થયો છે. આ વધતી સંખ્યા ખાસ કરીને ગરીબ રાજ્યો અને સીમાંત જૂથોમાં જોવા મળી છે. ઉચ્ચ શિક્ષણમાં નોંધણી વધતી હોવા છતાં, ગુણવત્તાની ચિંતા રહે છે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના સમાન રિપોર્ટ અનુસાર, ભારતમાં ૨૦૧૯ થી નિયમિત કામદારો અને સ્વ-રોજગાર કરનારાઓના પગારમાં ઘટાડો થતો જોવા મળી રહ્યો છે. એટલું જ નહીં, અકુશળ શ્રમ દળમાં કેઝ્યુઅલ કામદારોને પણ વર્ષ ૨૦૨૨ થી લઘુત્તમ વેતન મળ્યું નથી. રિપોર્ટ અનુસાર, બિહાર, ઉત્તર પ્રદેશ, ઓડિશા, મધ્ય પ્રદેશ, ઝારખંડ અને છત્તીસગઢ જેવા રાજ્યોમાં રોજગારની સ્થિતિ ઘણી દયનીય છે. જો આપણે આ શબ્દને સાદી ભાષામાં સમજીએ તો બેરોજગારીનો દર એટલે કે દેશની વસ્તીનો તે હિસ્સો જેઓ કામ માંગે છે પરંતુ તેમના માટે કોઈ કામ નથી. એક સર્વે અનુસાર, વર્ષ ૨૦૨૩માં મહિલાઓમાં બેરોજગારીનો દર ૩ ટકા હતો, જે ૨૦૨૨માં ૩.૩ ટકા અને ૨૦૨૧માં ૩.૪ ટકાના આંકડા કરતાં ઓછો હતો. તે જ સમયે, પુરુષોમાં બેરોજગારીનો દર વર્ષ ૨૦૨૩માં ૩.૨ ટકા નોંધાયો હતો, જે વર્ષ ૨૦૨૨ના ૩.૭ ટકા અને ૨૦૨૧માં ૪.૫ ટકાના આંકડા કરતાં ઘણો ઓછો છે. જો શહેરો અને ગામડાઓમાં બેરોજગારી દરની વાત કરીએ તો વર્ષ ૨૦૨૩માં શહેરી વિસ્તારોમાં બેરોજગારીનો દર ૫.૨ ટકા નોંધાયો હતો. જ્યારે એક વર્ષ પહેલા એટલે કે ૨૦૨૨માં દર ૫.૭ ટકા હતો અને ૨૦૨૧માં તે ૬.૫ ટકા હતો. જો ગ્રામીણ વિસ્તારોની વાત કરીએ તો ૨૦૨૧માં બેરોજગારીનો દર ૩.૩ ટકા હતો. જ્યારે ૨૦૨૨માં તે ઘટીને ૨.૮ ટકા અને ૨૦૨૩માં માત્ર ૨.૪ ટકા થઈ ગયો છે. આ બેરોજગારીની વાત છે. સરકારી સર્વેક્ષણ એજન્સીએ તેના રિપોર્ટમાં એક LFPRનો પણ ઉલ્લેખ કર્યો છે. LFPR એટલે લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો



ચલાલા – અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૬૫ મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, અમરેલી, નિયામક આયુષ – ગાંધીનગર તથા આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત અમરેલી, તથા સરકારી આયુર્વેદ દવાખાનું – ચાડીયા તથા સરકારી હોમીયોપેથીક દવાખાનું – સાવરકુંડલા ના સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ મંગલ દિપ પ્રાગટયથી થયો હતો આ પ્રસંગે સંસ્થાના વડા ડો. રતિદાદા તથા ભાવેશકુમાર, રેખાબેન તથા સર્વ મેમાન, ડોકટરઓ દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ડો. રતિદાદાએ બધાને સારૂ થઈ જાય પછી બીજાનું શું ભલું કરવું તે ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસન મુકત રહેવું સત્યનું પાલન કરવું અને બધા સાથે હળીમળ ીને રહેવું. સ્વ. જયાબેન ઈશ્વરલાલ બોરીસાગર ની છઠી માસિક પુણ્યતિથી નિમિતે લી. ઈશ્વરભાઈ હરજીભાઈ બોરીસાગર ભાવનગર તરફથી હસ્તે. ભાસ્કરભાઈ, ભાવેશભાઈ, તેમજ જીતુભાઈના આર્થિક સહયોગ થી રણછોદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ – રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખ ના દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી ૪૦ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને કેફોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. દંતયજ્ઞમાં ડો. અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આયુર્વેદિક કેમ્પ માં ડો. આરતીબેન અને પ્રકાશભાઈ એ બધા દર્દીઓને તપાસ કરી દવાપણ વિનામૂલ્ય આપવામાં આવી હતી. દીકરીઓ માટે હરિબા મહિલા આર્ટસ, કોમર્સ બી.સી.એ. અને સ્પોર્ટસ કોલેજ ચાલુ છે જેનું પ્રવેશ કાર્ય શરુ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ મંજુબા તથા શીતલબેન વગેરે ખુબ જહેમત ઉઠાવી હતી.

### શ્રી રામના ભકતજનોમાં જબ્બરો ઉત્સાહ

## રાજુલામાં આવતીકાલે ભગવાન શ્રી રામ જન્મ મહોત્સવની ઉજવણી કરાશે

### રાજુલાને મીની અયોધ્યા ધામ બનાવવમાં આવશે

રાજુલા, તા. ૧૫

રાજુલા શહેર માં અયોધ્યામાં રામ મંદિર બન્યા બાદ આ પ્રથમ રામનવમીની ઉજવણી એટલે રાજુલા જ બનશે મીની અયોધ્યા ધામ રામ નવમીનો રામ ઉત્સવઉજવવાવિશ્વહિન્દુ પરિષદ બજરંગદળઅનેચેમ્બરઓફકોમર્સ તેમજવિવિધધાર્મિકસંગઠનો તેમજ વેપારી આગેવાનો સતત ૩૦ દિવસથી રાત દિવસ તડા માર તૈયારીઓ કરે રહ્યા છે રાજુલા શહેરમાં રામનવમીની જૂની કમિટી બદલતા આ નવી નવયુવાનોની કમિટી દ્વારા આ વર્ષે વિવિધ સંસ્થાઓના કાર્યકરોની દરરોજ રાત્રે મીટીંગ યોજવામાં આવે છે.




નવા નવા આયોજનો પણ કરવા આવ્યા છે ક્યારેય ન વિચાર્યું હોય તેવા વિવિધ ફલોટ યોગી આદિત્યનાથનો કલાત્મક ભવ્ય મૂર્તિનો ફલોટ જેસીબી માં બનાવવામાં આવશે ૫૧ કન્યાઓ દ્વારા ૨૦ જેટલા ટ્રેક્ટરમાં રામાયણ બતાવવામાં રાજકોટ થી કન્યાઓ ટીમ સાથે આવશે રાજુલા શહેર આમ તો અત્યારથી જ અયોધ્યામય બની ગયું છે જયાં જુઓ ત્યાં રીક્ષા ટેમ્પા ફોરવીલ રામ લલ્લાના ગીતો વાગતા જોવા મળે છે આખા રાજુલામાં અયોધ્યા ઉત્સવ ક્યારે આવે તેની રાહ જોવાઈ રહીછે. રામ જન્મ મહોત્સવ ઉજવવા બજરંગ દળ તથા વિશ્વ હિન્દુ પરિષદ તથા ચેમ્બરઓફકોમર્સતેમજયુવાનોની ટીમદ્વારા ડોરટુડોરબેઠકઆયોજન માટે રાખવામાં આવે છે રાજુલા શહેરના વેપારી ઓ પોતપોતાના ધંધાઓ પણ બંધ કરી રામ ઉત્સવના કામે લાગી ગયા છે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ ચેમ્બર ઓફ કોમર્સસહિતવિવિધહિન્દુસંસ્થાઓ દ્વારા આ ભગીરથ કાર્ય કરવાનો પ્રારંભ કરી દેવામાં આવેલ છે રાજુલા શહેરને ધજા પતાકડા ભવ્ય રીતે શણગારી દેવામાં આવ્યું અને માર્કેટિંગ યાર્ડ પાસે શહેરમાં શહીદ ચોક ૨૫ ફૂટના સ્થંભ ઉપર થાંભલા ઉપર કેસરી ધજારોહણ કરવામાં આવ્યું તેમજ રાજુલાનું મુખ્ય આકર્ષણનું કેન્દ્ર એવો મોહન ટાવર લાઈટોથી શણગારવામાં આવ્યો છે અને કલાત્મક લાઈટો લગાડવામાં આવી છે સમગ્ર રાજુલા શહેર માં મોટા ઠેર ઠેર શ્રી રામ ભગવાનના હોર્ડીંગ લગાડવામાં આવ્યા છે જે શહેરમાં લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે

આ રથયાત્રામાં સ્પેશિયલ બાળકો દ્વારા રામાયણ આખી બાળકો દ્વારા શણગારી અને ૨૦ ટ્રેક્ટર માં ફલોટ રામ જન્મથી સંપૂર્ણ રામાયણ બતાવવામાં આવશે અને તેની તૈયારીઓ અગાઉથી કરી દેવામાં આવેલ છે. રથયાત્રાનું જોવાલાયક રામાયણનું પાત્ર બનશે બીજી તરફ ડીજે તેમજ અન્ય ફલોટ તેમજ ૨૦ જેટલા ઠંડા પીણા શેરડીનો રસપાવ ભેળ લસ્સી સોડા રસ સહિતના રસ્તા પર સ્ટોલ શહેરમાં મૂકવામાં આવેલ છે પોલીસ સ્ટેશન સામે સેલ્ફી પોઈન્ટ મોબાઈલ માં ફોટા પાડવા માટે પણ મૂક્યો છે જેથી લોકોને પણ કોઈ જાતની મુશ્કેલી પડે નહીં આ રથયાત્રાનો પ્રારંભ બપોરના ૩.૩૦ કલાકે જુના સ્વામિનારાયણ મંદિર થી નીકળીહવેલી ચોક તથા પોલીસ સ્ટેશન વિસ્તાર ટાવર વિસ્તાર બસ સ્ટેન્ડ ચોક થઈ જાફરાબાદ રોડ અને જલારામ મંદિરે પૂરી થશે આ રથયાત્રામાં યુવાનો પણ કેસરી સાફા માંઅને કેસરી ધજા માં જોવાલાયક હશે અને શ્રીરામ ભગવાનનો રથ પણ કલાત્મક અને આકર્ષક બનાવવામાં આવ્યો છે.

જેમાં શ્રીરામ ભગવાનને બેસાડવામાં આવશે ડીજે ના સંગાથ સાથે ભગવાન શ્રીરામના ગીત સાથે અને લોકો અબીલ ગુલાલ થી રંગાઈ જશે આ રથયાત્રા નો ઉત્સાહ જેટલો શહેરમાં છે તેટલો જ ઉત્સાહ રાજુલા જાફરાબાદ, ટીંબી, નાગેશ્રી સહિત ગ્રામ્ય વિસ્તાર ના ગામડામાં યુવાનોમાં જોવા મળી રહ્યો છે રાજુલા ઉદ્યોગિક હોવાથી અને રામ નવમી નીરજાહોવાથીઆંતરરાષ્ટ્રીય મજૂરો કર્મચારીઓ પણ રામ મહોત્સવ આ જોવા ઉમટી પડશે રામ ઉત્સવના રાજુલા શહેર પણ સવારથી સજ્જડ બંધ રહેશે તેવું પણ વેપારી સાથે મિટિંગમાં નક્કી થયું છે અને તેના માટે આમંત્રણો પણ પાઠવાઈ ગયા છે.

### કોટડાપીઠા :સ્વયંભુ શ્રી ગરણેશ્વર મહાદેવનાં પટાંગણમાં

## શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ



અમરેલી, તા. ૧૫

કોટડા પીઠા થોરખાણ રોડ પર ગરણી–પાનસડા ગામ વચ્ચે આવેલ પુરાતની સ્વયંભુ ગરણેશ્વર મહાદેવના મંદિરના પટાંગણમાં તા. ૧૫/૦૪ થી ૨૫/૪ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે.

વ્યાસપીઠે કથાકાર શાસ્ત્રીજી શંકરમહારાજ (ગરણી) હાલ રાજકોટ બીરાજી કથાનું રસપાન કરાવશે. સર્વ શીવ ભકતો સાથ સહકાર તેમજ ગરણી પાનસડા ગ્રામજનો સહકારથી તેમજ કથામાં આવતા પાવન પ્રસંગો ધામધુમથી ઉજવવામાં આવશે. કથાનો સમય સવારનાં ૯ થી ૧૨ બપોરનાં ૩ થી ૬ છે. કથા દરમ્યાન મહાપ્રસાદ તેમજ રોજ રાત્રે ધુન ભજનનું આયોજન કરવામાં આવેલ છે.

## ગોવિંદપુર : નકળંગ દેવંગી આશ્રમ ખાતે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન



ધારી, તા. ૧૫

ધારી તાલુકાના ગોવિંદપુર (ગીર) ખાતે આવેલાં શ્રી નકળંગ દેવંગી આશ્રમ ખાતે સાધ્વી પુ. શ્રી ગીતામાતાજી ગુઢ શ્રી રાજેન્દ્રદાસબાપુ દ્વારા સ્વ. કુંવરબા બાવબાપુ ભટ્ટીના સ્મરણાર્થે તેમજ સર્વ પિતૃ મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. વ્યાસપીઠ પરથી ભોજદે વાળા શાસ્ત્રીશ્રી રાકેશભાઈ પંડ્યા મધુર શૈલીમાં કથામૃત પાન કરાવીરહ્યાછે.

સંતો, મહંતો, રાજકીય–સામાજીક આગેવાનો, આમંત્રિત મહેમાનો સહિત ગોવિંદપુરના ગ્રામજનો તેમજ આસપાસના વિસ્તારનાં ધર્મપ્રેમી ભાઈઓ–બહેનો આશ્રમના પ્રાકૃતિક પવિત્ર વાતાવરણમાં જ્ઞાનયજ્ઞ નો લાભ લઈ રહ્યાં છે. દાતાશ્રીઓ સ્વ. લાભુબેનની સ્મૃતિમાં મનુભાઈ હરસુરભાઈ શેલાર (સાવરકુંડલા), નાથાભાઈ તથા અવસરભાઈ હરજીભાઈ તળાવિયા (ફાચરિયા), ધીરૂભાઈ હરસુરભાઈ મકવાણા (જરખિયા), ભીમભાઈ ભટ્ટી (ગોવિંદપુર), મધુભાઈ આહિર (સુરત), હિંમતભાઈ ડોડિયા (મુંબઈ) સહિતના સેવકોએ પારાયણ, પ્રસાદ તેમજ ભજન–સત્સંગનો ધર્મલાભ લીધો છે. કથા–ભજન–ભોજનના કાર્યક્રમોને સફળ બનાવવા આશ્રમના સેવકો તથા મહિલામંડળ જહેમત ઉઠાવી રહ્યાછે.

### ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં

## સાવરકુંડલાનાં આંબરડી ખાતે મોદી પરિવારની સભા યોજાઈ

### મોટી સંખ્યામાં ગામજનો જોડાયા

આંબરડી, તા. ૧૫

લોકસભા ૨૦૨૪ની ચૂંટણી અંતર્ગત ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાના સમર્થનમાં સાવરકુંડલા વિધાનસભામાં આવતા સાવરકુંડલાના આંબરડી ખાતે મોદી પરિવાર સભાની યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં સામાજિક તથા રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા આંબરડી ખાતે યોજાયેલ મોદી પરિવાર સભામાં કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી લઈ જવા તેમજ સરકારના કરેલા કામોની વાત છેવાડાના લોકો સુધી પહોંચાડવા ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા લોકોને જણાવ્યું હતું.



વધુમાં આવનાર લોકસભા ચૂંટણી ૨૦૨૪ ના અનુસંધાને મોદી જયારે ત્રીજીવાર વડાપ્રધાન બનવા જઈ રહ્યા હોય ત્યારે સાવરકુંડલા વિધાનસભામાંથી મોટી સંખ્યામાં ભાજપ તરફી મતદાન કરાવીને તમામ મતદારો મોદીનો પરિવાર છે તેવું ચરિતાર્થ કરવાની હાકલ કરવામાં આવી હતી, મોદી પરિવાર સભામાં મોટી સંખ્યામાં રાજકીય સામાજિક આગેવાનો સહિત જિલ્લા પંચાયત તાલુકા પંચાયતના ચૂંટાયેલા આગેવાનો તેમજ સંગઠનના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.ઉમેદવાર ભરત સુતરીયા સાથે ધારાસભ્ય મહેશ કસવાલા, (એપીએમસી) ચેરમેન દિપકભાઈ માલાણી, તા.ભાજપ પ્રમુખ જીવણભાઈ વેકરીયા, તા. પં.પ્રમુખ જીતુભાઈ કાછડીયા, શૈલેન્દ્રસિંહ જાડેજા, લાલભાઈ મોર, શરદભાઈ ગેદાની, હિતેશભાઈ ખાત્રાની, ગામના સરપંચ પ્રેમજીભાઈ બગડા, પૂર્વ સરપંચ બાબુભાઈ માલાણી સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં

### સમસ્ત લુહાર પંચાલ સમાજ દ્વારા

## ઉનાનાં આમોદ્રા ગામે રામનવમીની આસ્થાભેર ઉજવણી કરવામાં આવશે

### મહાત્મા મુળદાસબાપાની સમાધિ તિથિની પણ થશે ઉજવણી

ઉના, તો ૧૫,

ઉનાના આમોદ્રા ગામે આવતીકાલે તા. ૧૭ ને રામનવમીના દિવસે સમસ્ત લુહાર પંચાલ સમાજ શ્રી મહાત્મા મુળદાસ બાપા ચૈતન્ય સમાધિ તિથિ તેમજ રામનવમી ઉત્સવ ઉજવાશે.

ઉનાથી ૪ કી.મી. દુર આવેલ અમોદ્રા ગામે મહાત્મા મુળદાસ મંદિર ખાતે સંત શિરોમણી શ્રી મુળદાસ બાપાની ૨૪૫ મો ચૈતન્ય સમાધી તિથી નિમિતે આજે તા. ૧૬ ને મંગળવારના રાત્રીના સમયે સંત મુળદાસ બાપુનું જીવન ચરિત્રનું જ્ઞાન, સંતવાણી સાથે ધાર્મિક હાસ્યનું ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ આવતીકામ તા. ૧૭ ને રામનવમીના રોજ મુળદાસ સમાધિ તિથી અને રામનવમી ઉત્સવ નિમિતે પાલખીયાત્રા અને સત્કાર



સમારંભ અને ભજન, ભોજનનો લાભ લેવા સર્વે ધર્મપ્રેમી જનતાને શ્રી મુળદાસ મંદિર આમોદ્રા ટ્રસ્ટ ધામ ઉના તરફથી જાહેર આમંત્રણ આપવામાં આવે છે.

# અમરેલી શિક્ષણ સમિતિનાં ચેરમેને તપોવન આશ્રમનાં તપસ્વીઓ સાથે જન્મદિનની કરી ઉજવણી



સારહિ યુથ કલબ ઓફ અમરેલી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ–અમરેલી ચેરમેન તુષાર જોશીના જન્મદિન નિમિતે સારહિ તપોવન આશ્રમના સ્વપ્ન દ્રષ્ટા મુકેશભાઈ સંઘાણી દ્વારા અમરેલીમાં તપોવન આશ્રમનું નિર્માણ થયેલ હોય જેમાં તપસ્વીઓ રહેતા હોય, તુષારજોષીના જન્મ દિવસ તપસ્વીઓ સાથે ઉજવવાનું શહેર, તાલુકા મહિલા મોરચા તથા સિધ્ધી વિનાયક સત્સંગ મંડળ દ્વારા આયોજન તપોવન આશ્રમ માં કરવામાં આવ્યું. જેમાં તમામ બહેનો તપસ્વીઓ સાથે રાસ ગરબા, ધૂન વગેરે પ્રવૃતિઓનું આયોજન કરેલ હતું, તુષારભાઈ જોષીએ પરિવાર સહિત આશ્રમના તપસ્વીઓ સાથે કેક કાપી જન્મદિવસની ઉજવણી કરી હતી અને આશ્રમના તપસ્વીઓના આશીર્વાદ મેળવ્યા હતા. અશ્રમમાં તમામને આ આનંદની પળો યાદગાર બની રહી. આ તકે કાશમીરાબેન વ્યાસ–મહિલા મોરચા પ્રમુખ (સીટી), વસૂબેન ઉપાધ્યાય–સત્સંગ મંડળ, ગીતાબેન વાઘ–તાલુકા ભાજપ મહામંત્રી, અલકાબેન ગોંડલીયા પૂર્વ નગરપાલિકા પ્રમુખ, ઉષાબેન વસાણી, કિરણબેન પડાયા, હંસાબેન વ્યાસ, આરતીબેન અટારા સહિતના બહેનો તેમજ ડો. હાર્દિક વરુ, કેતનભાઈ ગોલ, શિક્ષણ સમિતિના વા. ચેરમેન દામજીભાઈ ગોલ, રજની સોલંકી, ભાવેશ વાળોદરા સહિત પરિવાર સાથે હાજર રહ્યા હતા.

## લોકસભાની ચુંટણી માટે ઉમેદવારી પત્રક રજુ કરીને વિજયનો શંખનાદ કરશે

# અમરેલીમાં કોંગી ઉમેદવાર જેની ઠુંમરનો આજે નગારે ઘા

ચૈત્ર નવરાત્રિનાં પવિત્ર આઠમનાં દિવસે હજારો કાર્યકરોનાં આશીર્વાદ સાથે ઉમેદવારી પત્રક રજુ કરશે

આજે સવારે ૯:૩૦ કલાકે વી.કે.ફાર્મ કુંકાવાવ માર્ગ ઉપર સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

બપોરે ૧૨/૩૯ મિનિટે વિજય મુર્હૂતમાં ચુંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્રક રજુ કરશે

પ્રદેશ કોંગ્રેસનાં પુર્વ પ્રમુખ સિધ્ધાર્થ પટેલ, પુર્વ સાંસદ ઠુંમર, પરેશ ધાનાણી, પ્રતાપ દુધાત સહિતનાં દિગ્ગજો ઉપસ્થિત રહેશે












અમરેલી,૧૫

અમરેલી જિલ્લા લોકસભાના શિક્ષત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મર આગામી ચૈત્રી નવરાત્રીના ૮માંનોરતેતા.૧૬એપ્રિલ અને મંગળવારના રોજ બપોરે ૧૨ : ૩૯ મિનીટે ચૂંટણી અધિકારી સમક્ષ પોતાનું ફોર્મ રજુ કરશે આ અગાઉ સવારે ૯:૩૦ કલાકે અમરેલી કુકાવાવ રોડ પર આવેલ વી.કે.ફાર્મ પર કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓનું સ્નેહ મિલન યોજાશે અને બાદમાં વિશાળ સંખ્યામાં જેનીબેન ઠુમ્મરના સમર્થનમાં ઉપસ્થિત રહી અને ઉમેદવારી ફોર્મ રજુ કરવામાં આવશે.

આ તકે પ્રદેશ કોંગ્રેસના આગેવાનોમાં પૂર્વ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ સિધ્ધાર્થભાઈ પટેલ,જગદીશભાઈ ઠાકોર,પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ, ઈન્દ્રવિજયસિંહ ગોહિલ,પરેશભાઈ ધાનાણી, હરપાલસિંહ ચૂડાસમા, અમીબેન ચંદ્રિકાબેન ચુડાસમા પૂર્વ મંત્રી ગાયત્રીબા વાઘેલા ઉપપ્રમુખ પ્રદેશ કોંગ્રેસ સમિતિ હિત આમ આમ આદમી પાર્ટીના ગારીયાધારના ધારાસભ્ય સુધીરભાઈ વાઘાણી,પૂર્વ ધારાસભ્ય ઠકારશીભાઈ મેતલીયા, ધીરૂભાઈ દૂધવાળા પૂર્વ મંત્રી ડો.કનુભાઈ કળસરીયા, મેહુલભાઈ લવતુકા, કનુભાઈ બારૈયા,પી.એમ.ખેની, બી.એમ. માંગુકીયા, ચંદ્રેશભાઈ રવાણી, ભાવનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, પ્રવિણભાઈ પૂર્વ પ્રમુખ,પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ ગોહિલ, કનુભાઈ બારૈયા (ભાવનગર),પૂર્વ પ્રમુખ ઝવેરભાઈ ભાલીયા, મહિલા કોંગ્રેસ પ્રમુખ મીનાબેન સોંડાગર, જિલ્લા પંચાયત વિરોધપક્ષ નેતા જે.ડી.કાછડ, રાજભાઈ મહેતા મહુવા, પ્રદેશ અગ્રણી ગીરીરાજ સિંહ ગોહિલ, અજીતસિંહ ગોહિલ, મુર્તુઝાખાન પઠાણ, વજીરખાન પઠાણ, સહિત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત પૂર્વપ્રમુખ ડી.કે.રૈયાણી, એ.ટી.સોસા, પંકજભાઈ કાનાબાર, શંભુભાઈ દેસાઈ, ટીકુભાઈ વરૂ, ભરતભાઈ હપાણી, આમ આદમી પાર્ટીના કાંતિભાઈ સતાસીયા, જેરામભાઈ સોહલીયા, ભરતભાઈ બલદાણીયા–રાજુલા, સહિત જિલ્લા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સંગઠનની આગેવાનો કાર્યકરો અને નગરપાલિકા તાલુકાપંચાયત પૂર્વ પ્રમુખઓ જિલ્લા પંચાયત તાલુકા પંચાયત નગરપાલિકા સદસ્યો,પૂર્વ સદસ્યઓ વિવિધ સહકારી યુવક કોંગ્રેસ મહિલા કોંગ્રેસ સેવાદળ એનસીયુઆઈ કિસાનસેલ લઘુમતી સેલ, એસ.સી., એસ.ટી.સેલ સહિત વિશાળ સંખ્યામાં ઈન્ડીયા ગઠબંધનના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહેશે.

---

### રાજવીર વીર માંગડાવાળા દાદાની જન્મ જયંતીએ

## ખાંભા : ધાતરવડ (મોજાનેસ) ખાતે બુધવારે નવરંગો માંડવાનું આયોજન

ભકતજનોને લાભ લેવા અનુરોધ કરાયો

અમરેલી, તા.૧૫


ખાંભાના ધાતરવડ (મોજાનેસ) ખાતે રાજવીર વીર માંગડાવાળાદાદાની જન્મ જયંતીએ ૨૪ કલાકનાં નવરંગા માંડવાનું આયોજન આગામી ૧૭ એપ્રિલને બુધવારે આયોજન થયેલ હોય ભકતજનોને લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

---

### લોહાણા મહાજનવાડી સામે લાઠી રોડ ખાતે

## અમરેલીમાં હનુમાન જંયતીની પૂર્વ સંધ્યાએ પદયાત્રાઓ માટે અલ્પાહારની વ્યવસ્થા

સમાજસેવી મેહુલ દેસાઈ દ્વારા સુંદર આયોજન



અમરેલી, તા. ૧૫,

અમરેલી પંથકમાંથી ભૂરખિયા હનુમાન મંદિર સુધી હનુમાન જયંતીની પૂર્વ સંધ્યાએ મોટી સંખ્યામાં પદયાત્રીઓ જતાં હોય છે.જેને અનુલક્ષીને અમરેલીનાં સમાજ સેવી મેહુલ દેસાઈ ધ્વારા લાઠી રોડ ઉપર લોહાણા મહાજન વાડી સામે પદયાત્રીઓ માટે અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. ૨૨ એપ્રિલને સાંજે ૫–૩૦ થી અલ્પાહાર શરૂ કરાશે. અલ્પાહાર સ્ટો ઉપર બેનર લગાવવા માટે ૯૮૨૫૪ ૯૦૫૯૫ પર સંપર્ક કરવા જણાવાયુંછે.

---

## અમરેલીમાં આગામી બુધવારે ભગવાન શ્રીરામચંદ્રજીનાં પ્રાગટય મહોત્સવની થશે ઉજવણી

સવારે શોભાયાત્રા અને બપોરે ૧ કલાકે દિવ્ય આરતી યોજાશે



અમરેલી, તા.૧૫

અમરેલી ખાતે આગામી ૧૭ એપ્રિલનાં રોજ વિહિપ, બજરંગદળ, માતૃશકિત, દુર્ગાવાહિની દ્વારા ભગવાન શ્રી રામચંદ્રજીનાં પ્રાગટય મહોત્સવની આસ્થા અને ઉત્સાહ ભેર ઉજવણી કરવામાંઆવશે.

બુધવારે સવારે ૯ કલાકે ભગવાન શ્રી રામચંદ્રજીની ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન નાગનાથ મંદિરથી થશે. શોભાયાત્રા ડો. જીવરાજ મહેતા ચોક, ટાવર ચોક, કાશ્મીરા ચોક, થઈને રામજી મંદિર ખાતે પહોંચશે જયાં ૧૨ કલાકે મહાઆરતી યોજાશે. શોભાયાત્રા અને મહા આરતીમાં તમામ ભકતજનોને પધારવા વિહિપ દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.


‘‘અમરેલી એકસપ્રેસ’’

અમારૂ ઇ–મેઇલ એડ્રેસ

‘‘અમરેલી એકસપ્રેસ’’ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ

amreliexpress7@gmail.com

પર ફોટોગ્રાફસ મોકલવા.

‘‘અમરેલી એકસપ્રેસ’’દૈનિક

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


---

### નિરાધારનો આધાર બની સુવાસ ફેલાવનાર

## અમરેલીનાં તપોવન આશ્રમમાં પધરામણી કરતા શ્રીમદ્ વિજય હેમવલ્લભ સુરીશ્વરજી મહારાજ

સારહિ યુથ કલબનાં પ્રમુખ મુકેશ સંઘાણીએ સ્વાગત કર્યુ






અમરેલી, તા.૧૫

અમરેલીના તપોવન આશ્રમની આજરોજ જૈન ધર્માચાર્ય, આજીવન આયંબિલ નાં તપસ્વી,પ. પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય હેમવલ્લભ સૂરીશ્વરજી મહારાજે સારહિ તપોવન આશ્રમમાં પાવન પધરામણી કરી, તપોવન આશ્રમ વિશે વિસ્તૃત માહિતી મેળવી અને રાજીપો વ્યક્ત કર્યો હતો, અને તપોવન આશ્રમમાં આશ્રિત તપસ્વીઓ તથા સારહિ પરિવારનાં સભ્યઓને શુભાશિષ આપ્યાં હતાં.

આ પ્રસંગે સારહિ યુથ ક્લબના પ્રમુખ અને લોકસેવક મુકેશભાઈ સંઘાણી, સુરેશભાઈ શેખવા, હરિભાઈ બાંભરોળીયા, બીપીનભાઈ લીંબાણી, અતુલભાઈ પડસાલા, હિમાંશુભાઈ ધાનાણી, દિલાભાઈ વાળા, ભાવેશભાઈ પડસાલા, સંજયભાઈ વણજારા, ચીમનભાઈ પટોળીયા, હસમુખભાઈ દેસાઈ, રોહિતભાઈ પડસાલા, નિકુંજભાઈ રામાણી, નરેશભાઈ કોરડીયા, જીગ્નેશભાઈ

---

# ચલાલા ગાયત્રી પરિવાર દ્વારા ગરીબ જરૂરીયાતમંદ લોકોને ચપ્પલ વિતરણ કરાયું









ચલાલા ખાતે પૂ. ડો. રતિદાદા અને તેમની ટીમ આસપાસના વિસ્તારમાં ફરી જરૂરિયાતમંદ લોકોને ચપ્પલ વિતરણ કર્યા.માનવસેવા અને લોક કલ્યાણ કારી કાર્યોમાં અવિરત ધારા દહેદાવતી ભાગીરથી રૂપી સંસ્થા ચલાલા અને આજુ–બાજુના વિસ્તાર માટે આર્શીવાદ રૂપ એવા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ – ચલાલા દ્વારા ઉનાળાની ગરમીમાં ચલાલા અને આસપાસ રસ્તે રઝળતા, ખુલ્લા પગે ચાલતા, ઝુપડપટીમાં રહેતા ગરીબ જરૂરિયાતમંદ અને નિરાધાર લોકોને ચપ્પલ વિતરણ કરવામાં આવ્યા. રતિદાદા જણાવ્યું હતું કે આવા સેવાકાર્યમાં દાતાઓનો સહયોગ ખૂબ અગત્યનો છે. સેવા કાર્યથી બધા ખુબ જ ખુશ થયા હતા ને અંતર ના આશીર્વાદ આપ્યા હતા. આ સેવાકાર્યમાં દિનશાઅંકલ (કરમચંદ) તરફ થી આર્થિક સહયોગ મળેલ છે. આ કાર્યક્રમ ને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, સ્કાઉટ – ગાઈડથી સન્માનિત શીતલબેન મહેતા વગેરે એ ઉઠાવી હતી.

